# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૩૦ તા.૦૭-૦૧-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- નેશનલ વોટર્સ ડે-૨૦૧૪ ઉજવણી કરવા બાબત.**

**સંદર્ભ :- નં.ઈએલઆર/એનવીડી/વશી/૨૦૧૪/તા.૨૦-૧૨-૧૪**

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવામાં આવે છે કે, તા.૨૪-૧-૧૫ના રોજ રાષ્ટ્રીય મતદાન દિવસની ઉજવણી અંતર્ગત ધોરણ ૬ થી ૮નાં બાળકો માટે કવીઝ પ્રોગ્રામનું આયોજન કરવાનું રહેશે. આ કવીઝ સ્પર્ધાના પ્રશ્નો મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી તરફથી તૈયાર કરવામાં આવશે. કવીઝમાં વિદ્યાર્થીઓએ હાથ ઉંચો કરી પ્રશ્નના જવાબ આપવાના રહેશે. આ કવીઝ સ્પર્ધા માટે ૬ ટીમો બનાવવાની રહેશે. દરેક ટીમમાં ત્રણ વિદ્યાર્થી અને વધુમાં વધુ ૬ પુખ્ત વયનાં મતદારો રહેશે.

આ સ્પર્ધામાં સૌથી વધારે સાચા જવાબ આપનાર વિદ્યાર્થીઓને પ્રાથમિક શાળા દીઠ પ્રથમ,દ્વિતીય અને તૃતીય નંબર આપવાના રહેશે. આ બાળકોને સબંધિત ચૂંટણી અધિકારીશ્રી તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે.

ઉપરોકત બાબત અંગેનું આયોજન તથા પૂર્વ તૈયારી ગત્ સાલના પરિપત્ર નં.૧૨૫/તા.૧૫-૧-૧૫ મુજબ કરવાના રહેશે અને સ્પર્ધામાં સૌથી વધુ જવાબ આપનારને અનુક્રમે પ્રથમ,દ્વિતીય અને તૃતીય નંબર આપી આ ત્રણ બાળકોની યાદી ઝોન ઓફિસે મોકલી આપવાની રહેશે, જેની નોંધ લેશો.

તા. ૭-૧-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ

**નોંધ :- આથી તમામ શાળાના મુખ્ય શિક્ષકોને જણાવવાનું કે પરિપત્ર નં.૧૨૮/તા.૬-૧-૧૫માં વાલી સંમેલન યોજવાની તા.૨૦-૧૧-૧૫ ને બદલે તા.૨૦-૧-૧૫ સમજવી.**